# આપણી અદૃશ્ય થતી લેખનકળા અને તેનાં સાધનો

પાશ્ચાત્ય યાંત્રિક આવિષ્કારના યુગમાં અનેક કળાઓને વિસાર્યા પછી તેના પુનરુદ્ધાર માટે અનેક પ્રયત્નો કરવા છતાં તેમાં આપણે સફળતા મેળવી શક્યા નથી, તેમ મુદ્રણકળાના પ્રભાવથી અદૃશ્ય થનારી લેખનકળાને માટે પણ બનવાનો પ્રસંગ આપણી નજર સામે આવવા લાગ્યો છે. આજથી પચીસ વર્ષ પહેલાં ગૂજરાત તેમ જ મારવાડમાં લહિયાઓના વંશો હતા,[1] જેઓ પરંપરાથી પુસ્તક લખવાનો જ ધંધો કરતા હતા. પરંતુ મુદ્રણકળાના યુગમાં તેમની પાસે પુસ્તકો લખાવનાર ઘટતાં તેઓએ પોતાની સંતતિને અન્ય ઉદ્યોગ તરફ વાળી. પરિણામ એ આવ્યું, કે જે લહિયાઓને એક હજાર શ્લોક લખવા માટે બે, ત્રણ, અને સારામાં સારો લહિયો હોય તો, ચાર રૂપિયા આપવામાં આવતા હતા, અને તેઓ જે સુંદર લિપિ તેમ જ સામેના આદર્શ જેવો જ આદર્શ—નકલ લખતા તેવા શુદ્ધ સુંદર આદર્શ કરવા માટે અત્યારે આપણે દર હજારે દશથી પંદર રૂપિયા આપીએ તોપણ તેનો લેખક કોઈ વિરલ જ મળી શકે; અને તાડપત્રની પુરાતન પ્રતિ ઉપરથી નકલ કરનાર તો ભાગ્યે જ મળે અથવા ન પણ મળે. લહિયાઓના આ ભયંકર દુષ્કાળમાં લેખનકળા અને તેનાં સાધનોનો અભાવ અવશ્ય થશે એ સ્વાભાવિક છે. આ પ્રમાણે અનેક શતાબ્દીઓ પર્યંત ભારતવર્ષ દ્વારા અને અંતિમ શતાબ્દીઓમાં જૈન[2] મુનિઓના પ્રયાસ દ્વારા જીવન ધારી રહેલ લેખનકળા અત્યારે લગભગ નાશ પામવા આવી છે.

આ લુપ્ત થતી કળા વિષેની માહિતી પણ લુપ્ત થતી જાય છે. ઉ. તરીકે, તાડપત્ર પર લખવાની રીતિ લગભગ ભુલાઈ ગઈ છે. તાડપત્ર પર જે લીસાપણું તેમ જ ચળકાટ હોય છે કે જે શાહીને ટકવા દેતા નથી, તે કાઢી નાખવાનો વિધિ મળી શકતો નથી. આવી સ્થિતિમાં આ કળાનાં સાધનો વિષે જે કાંઈ માહિતી મળે તે નોંધી રાખવી જોઈએ. આ કળાના ભાવી ઇતિહાસકારને ઉપયોગી થાય એ દૃષ્ટિથી મેં મને મળેલી હકીકતોનો આ લેખમાં સંગ્રહ કર્યો છે.

---

૧. પુરાતન હસ્તલિખિત પુસ્તકોના અંતમાં મળતા સં. ૧૧૩૮ वैशाख शुदि १४ गरौ लिखितं श्रीमदणहिलपाटके वालम्यान्वये कायस्थ भाइलेन " ઇત્યાદિ અનેક ઉલ્લેખો પરથી આપણે જોઈ શકીશું કે ભારતવર્ષમાં કાયસ્થ, બ્રાહ્મણ આદિ જ્ઞાતિના અનેક કુટુંબો આ ધંધા દ્વારા પોતાનો નિર્વાહ ચલાવી શકતાં હતાં. આ જ કારણને લીધે આપણી લેખનકળા પ્રૌઢાવસ્થાએ પહોંચી શકી.

૨. આ માત્ર ગૂજરાતને જ લક્ષીને લખવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણનની સુગમતા પડે માટે લેખનકળાનાં સાધનોનું હું નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં નિરૂપણ કરીશ: (૧) તાડપત્ર, કાગળ, આદિ, (૨) કલમ, પીંછી, આદિ, અને (૩) શાહી આદિ. આ પછી પુસ્તકોના પ્રકાર, લહિયાઓના કેટલાક રિવાજ, ટેવો ઇત્યાદિની માહિતી આપી છે.

## ૧. તાડપત્ર, કાગળ આદિ

**તાડપત્ર**—તાડનાં ઝાડ બે પ્રકારનાં થાય છે: (૧) ખરતાડ, અને (૨) શ્રીતાડ. ગૂજરાતની ભૂમિમાં જે તાડનાં વૃક્ષો અત્યારે વિદ્યમાન છે, તે ખરતાડ છે. આ વૃક્ષનાં પત્રો સ્થૂલ, લંબાઈ-પહોળાઈમાં ટૂંકાં તેમ જ નવાં હોય ત્યારે પણ સહેજ ટક્કર કે આંચકો લાગતાં તૂટી જાય તેવાં એટલે કે બરડ હોય છે. માટે પુસ્તક લખવાના કાર્યમાં તેનો ઉપયોગ કરાતો નથી. શ્રીતાડનાં વૃક્ષો મદ્રાસ, બ્રહ્મદેશ આદિમાં થાય છે. તેનાં પાંદડાં (પત્રો) શ્લક્ષ્ણ, લાંબાં, પહોળાં[3] તેમ જ સુકુમાર હોવાથી ઘણા વાળવામાં આવે તોપણ ભાગવાનો ભય રહેતો નથી.[4] જોકે કેટલાંક તાડપત્રો શ્લક્ષ્ણ તેમ જ લાંબાં-પહોળાં હોવા છતાં કાંઈક બરડ હોય છે, તથાપિ તેના ટકાઉપણા માટે અંદેશો રાખવા જેવું નથી રહેતું. આ શ્રીતાડનાં પત્રોનો જ પુસ્તક લખવા માટે ઉપયોગ કરાતો અને હજુ પણ તે તે દેશમાં પુસ્તક લખવા માટે તેનો ઉપયોગ કરાય છે.

**કાગળ**—જેમ આજકાલ ભિન્ન ભિન્ન પ્રદેશમાં ભિન્ન ભિન્ન જાતિના કાગળો બને છે, તેમ પુરાતન કાળમાં અને અત્યાર પર્યંત આપણા દેશના દરેક વિભાગમાં પોતપોતાની ખપત તેમ જ જરૂરિયાત પ્રમાણે ભૂંગળિયા, સાહેબખાની આદિ અનેક પ્રકારના કાગળો બનતા અને તેમાંથી જેને જે સારા તથા ટકાઉ લાગતા તેનો તે પુસ્તક લખવા માટે ઉપયોગ કરતા. પણ આજકાલ આપણા ગૂજરાતમાં પુસ્તકો લખવા માટે અમદાવાદી તેમ જ કાશ્મીરી કાગળનો જ ઉપયોગ કરાય છે. તેમાં પણ અમદાવાદમાં બનતા કાગળો મુખ્યતયા વાપરવામાં આવે છે, કારણ કે કાશ્મીરમાં જે સારા તેમ જ ટકાઉ કાગળો બને છે તેને ત્યાંના સ્ટેટ તરફથી પોતાના દફતરી કામ માટે લઈ લેવામાં આવે છે. એટલે કોઈ ખાસ લાગવગ હોય તોપણ માત્ર અમુક ઘા કાગળ ત્યાંથી મેળવી શકાય છે. આ કાગળો રેશમના બનતા હોઈ એટલા બધા મજબૂત હોય છે કે તેને ઘણા જોરથી આંચકો મારવામાં આવે તોપણ એકાએક ફાટે નહિ.

આ સ્થળે એટલું ધ્યાનમાં રાખવું જોઈએ, કે પુસ્તક લખવા માટે જે કાગળો આવે છે તે ત્યાંથી ઘૂંટાઈને જ આવે છે; તથાપિ તેને શરદીની હવા લાગવાથી તેનો ઘૂંટો ઊતરી જાય છે. ઘૂંટો ઊતરી ગયા પછી તેના ઉપર લખતાં અક્ષરો ફૂટી જાય છે, અથવા શાહી ટકી શકતી નથી. માટે તે કાગળોને ધોળી ફટકડીના પાણીમાં બોળી સુકાવવા પડે છે, અને કાંઈક લીલા-સૂકા જેવા થાય એટલે તેને અકીકના, કસોટીના અગર તેવા કોઈ પણ પ્રકારના ઘૂંટાથી ઘૂંટી લેવા, જેથી તે દોષો દૂર થઈ જાય છે.

---

૩. આ તાડપત્રો સાફ કર્યા પછી પણ ૨$\frac{3}{4}$ ફૂટથી વધારે લાંબાં અને ૩$\frac{1}{2}$ ઇંચ જેટલાં પહોળાં રહે છે. આ પ્રકારનાં તાડપત્ર પર લખાયેલ કેટલાંક પુસ્તકો પાટણના સંઘવીના પાડાના ભંડારમાં વિદ્યમાન છે.

૪. બારમી શતાબ્દીના પ્રારંભમાં લખાયેલ તાડપત્રો હજુ સુધી એટલાં બધાં સુકુમાર છે, કે તેને વચમાંથી આપણે ઉપાડીએ તો તેની બંને તરફનો ભાગ સ્વયમેવ નમી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિલાયતી તેમ જ આપણા દેશમાં બનતા કેટલાક કાગળો કે જેનો માવો તેજાબ અથવા સ્પિરિટ દ્વારા સાફ કરાય છે, તે કાગળોનું સત્ત્વ પહેલેથી જ નષ્ટ થઈ જતું હોવાથી ચિરસ્થાયી નથી હોતા, માટે પુસ્તક લખવા માટે તેનો ઉપયોગ કરાયો જ નથી. એવા અનેક જાતના વિલાયતી કાગળોનો આપણે અનુભવ કર્યો છે કે જે કાગળો આરંભમાં શ્વેત, મજબૂત તેમ જ શ્લક્ષ્ણ દેખાવા છતાં અમુક વર્ષ વીત્યા પછી તેને જોઈએ તો શ્યામ તથા વાળતાં જ તૂટી જાય તેવા થઈ જાય છે. આ દોષ આપણે દરેક જાતના વિલાયતી કાગળોને નથી આપી શકતા.

**કપડું**—ઘઉંના આટાની ખેળ બનાવી તેને કપડા ઉપર લગાડવી. તે સુકાઈ ગયા પછી તે કપડાને અકીકના અગર તેવા કોઈ પણ પ્રકારના ઘૂંટા વડે ઘૂંટવાથી તે કપડું લખવાને લાયક બને છે. પાટણના સંઘના ભંડારમાં, કે જે વખતજીની શેરીમાં છે તેમાં, **संवत् १३५३ भाद्रवा सुदि १५ रवौ उपकेश-गच्छीय** पं० महिचन्द्रेण लिखिता पु० " એવા અંતિમ ઉલ્લેખવાળું કપડા ઉપર લખેલું એક પુસ્તક છે. કપડાનો ઉપયોગ પુસ્તક લખવા કરતાં મંત્ર, વિદ્યા આદિના પટો લખવા, ચીતરવા માટે વધારે કરાતો અને હજુ પણ કરાય છે. અત્યારે આનું સ્થાન ટ્રેસિંગ કલોથે લીધું છે.

**ભોજપત્ર**—આનો ઉપયોગ પ્રધાનતયા કેટલાક મંત્રો લખવા માટે કરાતો અને હજુ પણ કરાય છે. 'भारतीय प्राचीन लिपिमाला'માં ભોજપત્ર પર લખાયેલ પુસ્તકની પણ નોંધ કરી છે.

ઘણાખરા વિદ્યમાન પુસ્તક ભંડારો તરફ નજર કરતાં એટલું નિશ્ચિતપણે કહી શકાય, કે પુસ્તકો લખવા માટે તાડપત્ર[૫] તેમ જ કાગળનો જેટલો બહોળો ઉપયોગ કરાયો છે, તેટલો બીજી કોઈ પણ વસ્તુનો કરાયો નથી. તેમાં પણ લગભગ વિક્રમની બારમી શતાબ્દી પર્યંત તો પુસ્તક લખવા માટે તાડપત્રો જ વપરાયાં છે.

## ૨. કલમ આદિ

**કલમ**—કલમ માટે અનેક પ્રકારના બરુ વપરાતાં અને વપરાય છે, જેમ કે તજિયાં બરુ, કાળાં બરુ, વાંસનાં બરુ આદિ. આમાં તજિયાં બરુ તજની માફક પોલાં હોય છે, માટે 'તજિયાં' એ નામથી ઓળખાય છે. એ સ્વભાવે બરડ હોય છે, તથાપિ તેમાં એક ગુણ એ છે, કે તેનાથી કેટલુંય લખીએ તોપણ તેની અણીમાં કૂચો પડતો નથી. આ અપેક્ષાએ કાળાં બરુ બીજે નંબરે ગણાય. વાંસના બરુ પણ ઠીક ગણી શકાય. લેખિનીના ગુણ-દોષ વિષયક નીચે પ્રમાણે દોહરો મળે છે :

" માથે ગ્રંથી મત (મતિ) હરે, બીચ ગ્રંથ ધન ખાય;
ચાર તસુની લેખણે, લખનારો કટ જાય." ૧

" आद्यग्रन्थिर्हरेदायुः, मध्यग्रन्थिर्हरेद् धनम् ।
अन्त्यग्रन्थिर्हरेत् सौख्यं, निर्ग्रन्थिर्लेखिनी शुभा ॥१॥ "

**પીંછી**—આનો ઉપયોગ પુસ્તક શોધવા માટે કરાય છે. જેમ કે षનો प, बનો व, मનો न કરવો હોય, કોઈ અક્ષર કે પંક્તિ કાઢી નાખવી હોય અથવા એક અક્ષરને બદલે બીજો અક્ષર કરવો હોય, ત્યારે હરિતાલ કે સફેદાને તે નકામા ભાગ પર લગાડતાં જોઈ તો અક્ષર બની જાય છે.

જોકે આજકાલ અનેક પ્રકારની—ઝીણી, જાડી, નાની, મોટી, જેવી જોઈએ તેવી—પીંછીઓ

૫. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ, કે જેઓ જૈન સૂત્રની વાલભી વાચનાના સૂત્રધાર હતા, તેઓશ્રીએ વલભી—વળા—માં પુસ્તકો લખાવવાનો પ્રારંભ તાડપત્રો ઉપર જ કર્યો હતો એમ સંભળાય છે. આ પ્રારંભ વીર સંવત ૯૮૦માં કરાયો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળી શકે છે, એટલે તેનો પરિચય આપવા જેવું કાંઈ રહેતું નથી. તથાપિ એટલું જાણવું જોઈએ કે, આપણા પુસ્તક-શોધનમાં ખિસકોલીના પૂંછડાના વાળને કબૂતરના પીંછાના આગલા ભાગમાં પરોવીને બનાવેલી પીંછી વધારે સહાયક થાય છે, કારણ કે આ વાળ કુદરતે જ એવા ગોઠવેલા હોય છે કે, તેને આપણે ગોઠવવાની જરૂર રહેતી નથી, તેમ જ એકાએક સડી કે તૂટી પણ જતા નથી. આ વાળને કબૂતરના પીંછામાં પરોવવાનો વિધિ પ્રત્યક્ષ જોવાથી સહજમાં સમજી શકાય તેવો છે.

**જુજબળ**—કલમથી લીટીઓ દોરતાં થોડી વારમાં જ કલમ બૂઠી થઈ જાય, માટે લીટીઓ દોરવા માટે આનો ઉપયોગ કરાતો. તેમ જ હજુ પણ મારવાડમાં કેટલેક ઠેકાણે તેનો ઉપયોગ કરાય છે. આ લોઢાનું હોય છે, અને તેનો આકાર આગળથી ચીપિયા જેવો હોય છે.

બ્રહ્મદેશ, મદ્રાસ આદિ જે જે પ્રદેશમાં તાડપત્રને ખોતરીને લખવાનો રિવાજ છે, ત્યાં કલમને બદલે લોઢાના અણીદાર સોયાના સળિયાનો ઉપયોગ કરાય છે.

## ૩. શાહી આદિ

**તાડપત્રની કાળી શાહી**—આજકાલ તાડપત્ર ઉપર લખવાનો રિવાજ રહ્યો નથી, એટલે તેની શાહી બનાવવાનું યથેષ્ટ સ્પષ્ટ વિધાન પણ મળતું નથી. તેમ છતાં કેટલાંક પરચૂરણ પાનાંઓમાં તેના વિધાનની જે જુદા જુદા પ્રકારની કાંઈક સ્પષ્ટ અને કાંઈક અસ્પષ્ટ એવી નોંધો મળે છે, તેનો ઉતારો જ માત્ર આ સ્થળે કરીશ.

**પ્રથમ પ્રકાર—**

" सहवर–भृंङ्ग–त्रिफलाः, कासीसं लोहमेव नीली च ।
समकज्जलबोलयुता, भवति मषी ताडपत्राणाम् ॥१॥

व्याख्या—सहवरेति कांटासेहरीओ ( धमासो ) । भृंङ्गेति भांगुरओ । त्रिफला प्रसिद्धैव । कासीसमिति कसीसम्, येन काष्ठादि रज्यते । लोहमिति लोहचूर्णम् । नीलीति गलीनिष्पादको वृक्षः, तद्रसः । रसं विना सर्वेषां० उत्कल्य क्वाथः क्रियते, स च रसोऽपि समवर्त्तितकज्जलबाल-योर्मध्ये निक्षिप्यते, ततस्ताडपत्रमषी भवतीति ॥ "

આમાં દરેકનું પ્રમાણ કેટલું એ સ્પષ્ટ થતું નથી. જોકે આમાં બધી વસ્તુઓને મેળવ્યા પછી કાંઈ કરવાનું લખ્યું નથી, તોપણ એટલું જાણવું જોઈએ કે તાંબાની કડાઈમાં નાંખી તેને ખૂબ ઘૂટવું, જેથી દરેક વસ્તુ એકરસ થઈ જાય.

**બીજો પ્રકાર—**

" कज्जलपाइणबोलं, भुमिलया पारदस्स लेसं च ।
उसिणजलेण विघसिया, वडिया काऊण कुट्टिज्जा ॥१॥
तत्तजलेण व पुणओ, घोलिज्जंती दृढं मसी होइ ।
तेण विलिहिया पत्ता, वच्चह रयणीइ दिवसु व्व ॥२॥ "
" कोरडए विसरावे, अंगुलिया कोरडम्मि कज्जलए ।
मद्दह सरावलग्गं, जावं चिय चि[क्क]गं मुअइ ॥३॥
पिचुमंदगुंदलेसं, खायरगुंदं ब बीयजलमिस्सं ।
भिज्जवि तोएण दृढं, मद्दह जातं जलं सुसइ ॥४॥
इति ताडपत्रमष्याम्नायः ॥ "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આર્યાઓનો જે પાના ઉપરથી મેં ઉતારો કર્યો છે, તેમાં આંકડા સળંગ રાખ્યા છે. તેનો અર્થ જોતાં પૂર્વની બે આર્યા એ એક પ્રકાર અને છેવટની બે આર્યા એ બીજો પ્રકાર હોય તેમ લાગે છે. સામાન્ય રીતે આ આર્યાઓનો અર્થ આપણે આ પ્રમાણે કરી શકીએ—

"कज्जलप्रायेण—કાજળ જેટલો (?) બોળ–હીરાબોળ અને ભૂમિલતા (?) તથા પારાનો કાંઈક અંશ, (આ બધી વસ્તુઓને) ગરમ પાણીમાં (મેળવી સાત દિવસ અગર તેથી પણ વધારે દિવસો સુધી) ઘૂંટવી. (પછી) વડીઓ કરી (સૂકવવી. સુકાયા બાદ) કૂટવી–ભૂકો કરવો. ૧. (જ્યારે જરૂરત પડે ત્યારે તે ભૂકાને) ગરમ પાણીમાં ખૂબ ઘૂંટવાથી તે (લખવા લાયક) શાહી બને છે. તે શાહીથી લખેલ પાનાંઓને (અક્ષરોને) રાત્રિમાં (પણ) દિવસની માફક વાંચો. ૨."

"કોરા કાજળને કોરા માટીના શરાવમાં નાખી જ્યાં સુધી તેની ચીકાશ સુકાય–દૂર થાય, ત્યાં સુધી આંગળીઓ વડે શરાવમાં લાગે તેવી રીતે તેનું મર્દન કરવું–ઘૂંટવું. (આ પ્રમાણે કરવાથી કાજળની ચીકાશ શરાવ ચૂસી[૬] લેશે). ૩. (કાજળને અને) લીંબડા કે ખેરના ગુંદરને બિયાજલ–બિયારસના પાણીમાં મિશ્ર કરી, ભીંજાવી, ખૂબ ઘૂંટવાં; તે ત્યાં સુધી કે તેમાં નાખેલ પાણી લગભગ સુકાઈ જાય. (પછી વડીઓ કરી સૂકવવી આદિ ઉપર પ્રમાણે જાણવું.) ૪."

**ત્રીજો પ્રકાર—**

"निर्यासात् पिचुमन्दजाद् द्विगुणितो बोलस्ततः कज्जलं
संजातं तिलतैलतो हुतवहे तीव्रातपे मर्दितम् ।
पात्रे शूल्वमये तथा शन (?) जलैर्लाक्षारसैर्भावितः
सद्भल्लातकभृङ्गराजरसयुक् संयुक्त सोऽयं मषी ॥१॥"

"લીંબડાના 'निर्यासात्' એટલે કવાથથી અથવા ગુંદરથી બમણો બીજાબોળ લેવો. તેનાથી બમણું તલના તેલનું પાડેલું કાજળ લેવું. (આ સર્વને) તાંબાના પાત્રમાં નાખી તેને સખ્ત અગ્નિ ઉપર ચડાવી તેમાં ધીરે ધીરે લાક્ષારસ નાખતાં જવું અને તાંબાની ખોળી ચડાવેલ ઘૂંટા વડે ઘૂંટતાં જવું. પછી ગૌમૂત્રમાં ભીંજાવી રાખેલ ભીલામાના ગર્ભને ઘૂંટાની નીચે લગાડી શાહીને ઘૂંટવી. તેમાં ભાંગરાનો રસ પણ મળે તો નાખવો. એટલે (તાડપત્ર ઉપર લખવા લાયક) મષી–શાહી તૈયાર થશે.[૭]"

ધ્યાનમાં રાખવું કે આમાં લાક્ષારસ પડે છે માટે કાજળને ગૌમૂત્રમાં ભીંજાવવું નહિ. નહિ તો લાક્ષારસ ફાટતાં શાહી નકામી થઈ જાય.

બ્રહ્મદેશ, મદ્રાસ આદિ જે જે દેશમાં તાડપત્રને કોતરીને લખવાનો રિવાજ છે, ત્યાં શાહીના સ્થાનમાં નાળિયેરની ઉપરની કાચલી કે બદામનાં ઉપરનાં છોતરાંને બાળી તેની મેષને તેલમાં મેળવીને

---

૬. કાજળમાં ગૌમૂત્ર નાખી તેને આખી રાત ભીંજાવી રાખવું એ પણ કાજળની ચીકાશને નાબૂદ કરવાનો એક પ્રકાર છે. ગૌમૂત્ર તેટલું જ નાખવું જેટલાથી તે કાજળ ભીંજાય. શરાવમાં મર્દન કરી કાજળની ચીકાશને દૂર કરવાના પ્રકાર કરતાં આ પ્રકાર વધારે સારો છે, કારણ કે આથી વસ્ત્રો, શરીર આદિ બગડવાનો બિલકુલ ભય રહેતો નથી. પણ જો શાહીમાં લાક્ષારસ નાખવો હોય તો આ ગૌમૂત્રનો પ્રયોગ નકામો જાણવો, કેમ કે ગૌમૂત્ર ક્ષારરૂપ હોઈ લાક્ષારસને ફાડી નાખે છે.

૭. આ શ્લોક તેમ જ તેના ટબાનું–અનુવાદનું જે પાનું મારી પાસે છે, તેમાં શ્લોક અને શ્લોક કરતાં તેનો અનુવાદ ઘણો જ અસ્તવ્યસ્ત તેમ જ અસંગત છે; માટે તેનો સારભાગ માત્ર જ અહીં આપ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાપરવામાં આવે છે. એટલે કે તેઓ કોતરીને લખેલા તાડપત્રના ઉપર તે મેષને ચોપડી તેને કપડાથી સાફ કરી નાખે છે; ત્યારે કોતરેલો ભાગ કાળો થઈ આખું પાનું જેવું હોય તેવું થઈ જાય છે.

**કાગળ પર લખવાની શાહી—**

૧—" જિનતા કાજળ બોળ, તેથી દૂણા ગુંદ ઝકોળ;
જો રસભાંગરાનો ભળે, અક્ષરે અક્ષરે દીવા બળે. ૮ ૧."

२—" **मष्यर्धे क्षिप सद्गुन्दं, गुन्दार्धे बोलमेव च ।**
लाक्षा—९बीया—१०रसेनोच्चैर्मर्दयेत् ताम्रभाजने ॥१॥

૩—" બીઆ બોલ અનઈ લકખારસ, કજ્જલ વજ્જલ (?) નઈ અંબારસ.
ભોજરાજ મિસિ નીપાઈ, પાનઉ ફાટઈ મિસિ નવિ જાઈ. ૧"

૪—" કાજલ ટાંક ૬, બીજાબોલ ટાંક ૧૨, ખેરનો ગુંદ ટાંક ૩૬, અફીણ ટાંક ૦॥, અલતા પોથી ટાંક ૩, ફટકડી કાચી ટાંક ૦॥, નિંબના ઘોટાસું દિન સાત ત્રાંબાના પાત્રમાં ઘૂંટવી."

૫—" કાથાના પાણીને કાજળમાં નાખી તેને ખૂબ ઘૂંટવું. કાથો નાંદોદી, જે કાળો આવે છે, તે સમજવો. "

---

૮. કાજળને કલવાય તેટલા ગૌમૂત્રમાં અને હીરાબોળ તથા ગુંદરને સામાન્ય પાતળો રસ થાય તેટલા પાણીમાં આખી રાત ભીંજાવી રાખી, ત્રણેને ત્રાંબાની કે લોઢાની કડાઈમાં કપડાથી ગાળીને એકઠાં ભેળવી, ત્રાંબાની ખોળી ચઢાવેલા લાકડાના ઘૂંટાથી ખૂબ ઘૂંટવા. જ્યારે ઘૂંટાતા ઘૂંટાતા તેમાંનું પાણી લગભગ સ્વયં શોષાઈ જાય, ત્યારે તેને સુકાવી દેવી. આમાં પાણી નાખી ભીંજાયા પછી ઘૂંટવાથી લખવાની શાહી તૈયાર થાય છે. જો ભાંગરાનો રસ મળે, તો ઉપર્યુક્ત ત્રણ વસ્તુઓ નાખતી વખતે જ નાખવો, જેથી શાહી ઘણી જ ભભકાવાળી અને તેજદાર થશે.

૯. **લાક્ષારસનું વિધાન**—ચોખ્ખા પાણીને ખૂબ ગરમ કરવું. જ્યારે તે પાણી ખદખદતું થાય ત્યારે તેમાં લાખનો ભૂકો નાખતાં જવું અને હલાવતાં જવું, જેથી તેનો લોંદો ન બાઝે. તાપ સખ્ત કરવો. ત્યાર બાદ દસ મિનિટે લોદરનો ભૂકો નાખવો. તદનંતર દસ મિનિટે ટંકણખાર નાખવો. પછી તે પાણીની અમદાવાદી ચોપડાના કાગળ ઉપર લીટી દોરવી. જો નીચે ફૂટે નહિ, તો તેને ઉતારી લેવું, અને ઠરવા દઈ વાપરવું. આ પાણી એ જ લાક્ષારસ સમજવો. દરેક વસ્તુનું વજન આ પ્રમાણે: પાશેર સાદું પાણી, રૂ. ૧ ભાર પીંપળાની સારી સૂકી લાખ, જેને દાણાલાખ કહે છે, રૂ. ૦॥ ભાર પઠાણી લોદર અને એક આની ભાર ટંકણખાર. જેટલા પ્રમાણમાં લાક્ષારસ બનાવવો હોય તે તે પ્રમાણમાં દરેક વસ્તુઓનું પ્રમાણ સમજવું. જો તાડપત્રની શાહી માટે લાક્ષારસ તૈયાર કરવો હોય, તો તેમાં લોદરની સાથે લાખથી પોણે હિસ્સે મજીઠ નાખવી, જેથી વધારે રંગદાર લાક્ષારસ થશે. કોઈ કોઈ ઠેકાણે ટંકણખારને બદલે પાપડિયો કે સાજીખાર નાખવાનું વિધાન પણ જોવામાં આવે છે.

૧૦. બિયારસ—બિયા નામની વનસ્પતિવિશેષનાં લાકડાનાં છોતરાંનો ભૂકો કરી તેને પાણીમાં ઉકાળવાથી જે પાણી થાય તે બિયારસ જાણવો. આ રસને શાહીમાં નાખવાથી શાહીની કાળાશમાં અત્યંત વૃદ્ધિ થાય છે. પણ ધ્યાનમાં રાખવું કે જો તે રસ પ્રમાણાતિરિક્ત શાહીમાં પડી જાય છે તો તે શાહી તદ્દન નકામી થઈ જાય છે, કારણ કે તેનો સ્વભાવ શુષ્ક હોઈ તે તેમાં પડેલ ગુંદરની ચીકાશનો જડમૂળથી નાશ કરે છે. એટલે તે શાહીથી લખેલું સુકાઈ જતાં તરત જ સ્વયં ઊખડી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬—" હરડાં અને બહેડાંનું પાણી કરી તેમાં હીરાકસી નાખવાથી કાળી શાહી થાય છે."

કાગળની શાહીના આ છ પ્રકારો પૈકી પુસ્તકોને ચિરાયુષ્ક બનાવવા માટે પ્રથમ પ્રકાર જ સર્વોત્તમ તેમ જ આદરણીય છે. તે પછીના ત્રણ (૨-૩-૪) એ મધ્યમ પ્રકાર છે. જોકે આ ત્રણ પ્રકારથી બનેલી શાહી પહેલા પ્રકાર કરતાં પાકી અવશ્ય છે; તથાપિ તે પુસ્તકને ત્રણ શતાબ્દીમાં મૃતવત્ કરી નાખે છે, અર્થાત્ પુસ્તકને ખાઈ જાય છે; એટલે તેને આદર ન જ આપવો એ વધારે ઠીક ગણાય. અને અંતિમ બે પ્રકાર (૫-૬) એ તો કનિષ્ઠ તેમજ વર્જનીય પણ છે, કારણ કે આ પ્રયોગથી બનાવેલ શાહીથી લખાયેલું પુસ્તક એક શતાબ્દીની અંદર જ યમરાજનું અતિથિ બની જાય છે. પણ જો થોડા વખતમાં જ રદ કરીને ફેંકી દેવા જેવું કાંઈ લખવું હોય, તો આ બે પ્રકાર (૫-૬) જેવો સરળ તેમ જ સસ્તો ઉપાય એકે નથી.

**ટિપ્પણાની શાહી—**

" बोलस्य द्विगुणो गुन्दो, गुन्दस्य द्विगुणा मषी ।
मर्दयेत् यामयुग्मं तु, मषी वज्रसमा भवेत् ॥१॥ "

કાળી શાહી માટે ધ્યાન રાખવા જેવી બાબતો—

" कज्जलमत्र तिलतैलतः संजातं ग्राह्यम् । "

" गुन्दोऽत्र निम्बसत्कः खदिरसत्को बब्बूलसत्को वा ग्राह्यः । धवसत्कस्तु सर्वथा त्याज्यः मषीविनाशकारित्वात् । "

" मषीमध्ये महाराष्ट्रभाषया ' डैरली ' इति प्रसिद्धस्य रिङ्गणीवृक्षस्य वनस्पतिविशेषस्य फलरसस्य प्रक्षेपे सति सतेजस्कमक्षिकाभावादयो गुणा भवन्ति । "

આ સિવાય શાહીના પ્રયોગમાં જ્યાં જ્યાં ગુંદરનું પ્રમાણ કહ્યું છે, ત્યાં ત્યાં તે ખેરના ગુંદરનું જાણવું. જો બાવળ કે લીંબડાનો ગુંદર નાખવો હોય તો તેથી પોણે હિસ્સે નાખવો, કેમ કે ખેરના ગુંદર કરતાં તેમાં ચીકાશનો ભાગ વધારે હોય છે. તથા લાખ, કાથો કે હીરાકસી જેમાં પડી હોય તેવી કોઈ પણ શાહીનો ઉપયોગ પુસ્તક લખવા માટે કરવો નહિ.

આ લેખમાં આપેલા ઉતારાઓમાં કવચિત્ દૃષ્ટિગોચર થતી ભાષાની અશુદ્ધિ તરફ વાચકો ખ્યાલ ન કરે એટલી ખાસ ભલામણ છે.

**સોનેરી-રૂપેરી શાહી**—પહેલાં સાફ એટલે કોઈ પણ જાતના કચરા વિનાના ધવના ગુંદરનું પાણી કરવું. પછી તેને કાચની અથવા બીજી કોઈ સારી રકાબીમાં ચોપડતાં જવું અને સોનાની કે ચાંદીની જે શાહી બનાવવી હોય તેનો વરક લઈ તેના ઉપર વળે નહીં તેવી રીતે લગાડવો, અને આંગળીથી તેને ઘૂંટવો. આ પ્રમાણે કરવાથી થોડી વારમાં જ તે સોનાના કે ચાંદીના વરકનો ભૂકો થઈ જશે. તદનંતર પુનઃ પણ ગુંદર લગાડી વરક લગાડતાં જવું અને ઘૂંટતાં જવું. આ રીતે તૈયાર થયેલ ભૂકામાં સાકરનું પાણી નાખી તેને હલાવી દેવો. જ્યારે ભૂકો ઠરી નીચે બેસી જાય ત્યારે તેમાંનું પાણી ધીરે ધીરે બહાર કાઢી નાખવું. આમ ત્રણ-ચાર વાર કરવાથી જે સોના-ચાંદીનો ભૂકો રહે એ જ આપણી તૈયાર શાહી સમજવી.

આમાં સાકરનું પાણી નાખવાથી ગુંદરની ચીકાશનો નાશ થાય છે, અને સોના-ચાંદીના તેજનો હ્રાસ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો એકીસાથે વધારે પ્રમાણમાં સોના-ચાંદીની શાહી તૈયાર કરવી હોય, તો ગુંદરના પાણીને અને વરકને ખરલમાં નાખતાં જવું અને ઘૂંટતાં જવું. પછી સાકરનું પાણી નાખી સાફ કરવાનો વિધિ ઉપર પ્રમાણે જ સમજવો.

ધ્યાન રાખવું કે ખરલ સારો હોવો જોઈએ. જો ઘૂંટતી વખતે ખરલ પોતે ઘસાય તેવો હશે તો તેમાંની કાંકરી શાહીમાં ભળતાં શાહી દૂષિત બનશે.

**હિંગળોક**—કાચો હિંગળોક, જે ગાંગડા જેવો હોય છે અને જેમાંથી વૈદ્યો પારો કાઢે છે, તેને ખરલમાં નાખી તેમાં સાકરનું પાણી નાખી ખૂબ ઘૂંટવો. પછી તેને ઠરવા દઈ તેના ઉપર જે પીળાશ પડતું પાણી હોય તેને બહાર કાઢી નાખવું. ત્યાર બાદ પુનઃ તેમાં સાકરનું પાણી નાખી તેને ખૂબ ઘૂંટવો, અને ઠર્યા પછી ઉપર આવેલ પીળાશ પડતા પાણીને પૂર્વવત્ બહાર કાઢી નાખવું. આ પ્રમાણે જ્યાં સુધી પીળાશનો ભાગ દેખાય ત્યાં સુધી કર્યા કરવું. ધ્યાનમાં રાખવું કે આ બે-પાંચ વખત કરવાથી જ નથી થતું, પણ વીસ-પચીસ વખત આ પ્રમાણે હિંગળોકને ધોવાથી શુદ્ધ-લાલ સુરખ જેવો હિંગળોક થાય છે, અને મોટો ઘાણ હોય તો તેથી વધારે વખત પણ ધોવો પડે છે. તે શુદ્ધ હિંગળોકમાં સાકરનું પાણી અને ગુંદરનું પાણી નાખતાં જવું અને ઘૂંટતાં જવું. આ વખતે એટલું ધ્યાનમાં રાખવું કે ગુંદરનું પ્રમાણ વધારે ન થાય, તે માટે વચમાં વચમાં ખાતરી કરતાં રહેવું, એટલે કે એક પાના ઉપર તે હિંગળોકના આંગળી વડે ટીકા કરી તે પાનાને હવાવાળી જગામાં ( પાણિયારામાં અગર હવાવાળા ઘડામાં ) બેવડું વાળી મૂકવું. જો તે પાનું ન ચોંટે તો ગુંદરનું પ્રમાણ વધારે નથી થયું એમ સમજવું અને નખથી ખોતરતાં સહજમાં ઊખડી જાય તો ગુંદર નાખવાની જરૂર છે એમ જાણવું. સાકરનું પાણી એક-બે વખત જ નાખવું. આ પ્રમાણે તૈયાર થયેલા હિંગળોકનો ઉપયોગ લાલ શાહીરૂપે કરાય છે.

**હરિતાલ**—દગડી અને વરગી એ બે પ્રકારની હરિતાલ પૈકી આપણા પુસ્તક-સંશોધનમાં વરગી હરિતાલ ઉપયોગી છે. આને ભાંગતાં વચમાં સોનેરી વરકના જેવી પત્રીઓ દેખાય છે માટે તેને વરગી હરિતાલ એ નામથી ઓળખવામાં આવે છે. આ હરિતાલને ખરલમાં નાખી તેને ખૂબ ઝીણી વાટવી. અને તેને જાડા કપડામાં—જેમાંથી ઘણી જ મહેનતે છણી શકાય તેવા કપડામાં—ચાળવી. ત્યાર પછી ફરીથી ખરલમાં નાખી ખૂબ લસોટવી. પછી તેમાં ગુંદરનું પાણી નાખતાં જવું અને ઘૂંટતાં જવું. ગુંદરનો ભાગ વધારે પડતો ન થાય માટે વચમાં વચમાં હિંગળોકની પેઠે ખાતરી કરતાં રહેવું.

**સફેદો**—રંગવાને માટે જે સૂકો સફેદો આવે છે, તેમાં ગુંદરનું પાણી નાખી ખૂબ ઘૂંટવાથી તૈયાર થતાં તેનો પુસ્તક-સંશોધન માટે ઉપયોગ કરાય છે.

**અષ્ટગંધ**—મંત્રાક્ષરો લખવા માટે આનો ઉપયોગ કરવામાં આવે છે. આમાં—૧. અગર, ૨. તગર, ૩. ગોરોચન, ૪. કસ્તૂરી, ૫. રક્તચંદન, ૬. ચંદન, ૭. સિંદૂર અને ૮. કેસર—, આ આઠ દ્રવ્યોનું મિશ્રણ થવાથી તેનું નામ અષ્ટગંધ કહેવાય છે.

**યક્ષકર્દમ**—આનો ઉપયોગ પણ મંત્રો લખવા માટે કરાય છે. ૧. ચંદન, ૨. કેસર, ૩. અગર, ૪. બરાસ, ૫. કસ્તૂરી, ૬. મરચકંકોલ, ૭. ગોરોચન, ૮. હિંગળોક, ૯. રતંજણી, ૧૦. સોનાના વરક, અને ૧૧. અંબર—આ અગિયાર દ્રવ્યના મિશ્રણથી બને છે.

ઉપર બતાવ્યા પ્રમાણેના વિધિથી તૈયાર થયેલી શાહી હિંગળોક, હરિતાલ, સફેદા આદિને એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાળીમાં તેલ ચોપડી તેમાં તેની વડીઓ પાડી દેવી. સુકાયા પછી જ્યારે જરૂર પડે ત્યારે તેમાં માત્ર પાણી નાખવાથી જ તે કામમાં આવી શકશે.

**સોનેરી-રૂપેરી શાહીથી લખવાનું વિધાન**—સોનેરી અગર રૂપેરી શાહીથી લખવાનાં પાનાંઓને કાળા, બ્લ્યૂ, લાલ, જામલી આદિ રંગથી રંગી ઘૂંટવા. પછી સોનેરી શાહીથી લખવું હોય તો હરિતાલ[૧૧] અને રૂપેરી શાહીથી લખવું હોય તો સફેદાથી અક્ષરો લખી તેના ઉપર સોના-ચાંદીની શાહીને પીંછી વડે પૂરવી ( હરિતાલ-સફેદાના અક્ષરો લીલા હોય ત્યારે જ તેના ઉપર સોનેરી-રૂપેરી શાહી ફેરવવી. ) સુકાયા બાદ તે પાનાંને અકીક કે કસોટીના ઘૂંટા વડે ઘૂંટવાથી તે અક્ષરો ઓપ ચડાવેલ સોના-રૂપાના ઘરેણાની માફક તેજવાળા દેખાશે.

## પરચૂરણ

**પુસ્તકના પ્રકારો**—યાકિની મહત્તરાસૂનુ શ્રીમાન હરિભદ્રસૂરિએ દશવૈકાલિકસૂત્રની પ્રથમ ગાથાની ટીકામાં संजम પદની વ્યાખ્યા કરતાં પાંચ પ્રકારનાં પુસ્તકોની उक्तं च કરી નોંધ લીધી છે—

गंडी कच्छवी मुट्ठी, संपुडफलए तहा छिवाडी य ।
एयं पुत्थयपणयं, वक्खाणमिणं भवे तस्स ॥१॥

बाहल्लपुहत्तेहिं, गंडीपुत्थो उ तुल्लगो दीहो ।
कच्छवि अंते तणुओ, मज्झे पिहुलो मुणेयव्वो ॥२॥

चउरंगुलदीहो वा, वट्टागिइ मुट्ठिपुत्थगो अहवा ।
चउरंगुलदीहो च्चिय, चउरंसो होइ विन्नेओ ॥३॥

संपुडगो दुगमाई, फलगा वोच्छं छिवाडिमेत्ताहे ।
तणुपत्तूसियरूवो, होइ छिवाडी बुहा बेंति ॥४॥

दीहो वा हस्सो वा, जो पिहुलो होइ अप्पबाहल्लो ।
तं मुणियसमयसारा, छिवाडिपोत्थं भणंती ह ॥५॥

**શબ્દાર્થ**—૧. ગંડી, ૨. કચ્છપી, ૩. મુષ્ટિ, ૪. સંપુટફલક, તથા ૫. સૃપાટિ—આ પુસ્તક પંચક. તેનું વ્યાખ્યાન આ થાય: ૧. જે બાહલ્ય એટલે જાડાઈ અને પૃથુકત્વ એટલે પહોળાઈમાં તુલ્ય હોઈ દીર્ઘ-લાંબું હોય તે ગંડી પુસ્તક. ૨. જે અંતમાં તનુ-સાંકડું અને મધ્યમાં પહોળું હોય તે કચ્છપિ પુસ્તક જાણવું. ૩. જે ચાર આંગળ લાંબું અને ગોળ હોય તે મુષ્ટિપુસ્તક. અથવા જે ચાર આંગળ દીર્ઘચતુરસ્ર હોય તે ( મુષ્ટિપુસ્તક ) જાણવું. ૪. બે આદિ ફલક (?) હોય તે સંપુટ ફલક. હવે સૃપાટિને કહીશ-વખાણીશ. તનુપત્ર-નાનાં પાનાં અને ઊંચું હોય તેને પંડિતો સૃપાટિ પુસ્તક કહે છે. ૫. જે લાંબું કે ટૂંકું હોઈ પહોળું થોડું હોય તેને (પણ) આગમરહસ્યજ્ઞો સૃપાટિ પુસ્તક કહે છે.

**ત્રિપાટ**—જે પુસ્તકના મધ્ય ભાગમાં મોટા અક્ષરથી મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરોથી ઉપર તથા નીચે ટીકા લખવામાં આવે છે, તે પુસ્તક વચમાં મૂળ અને ઉપર નીચે ટીકા એમ ત્રણ વિભાગે લખવામાં આવતું હોવાથી **ત્રિપાટ** એ નામથી ઓળખાય છે.

---

૧૧. સોનેરી-રૂપેરી શાહીથી લખવા માટે હરિતાલ-સફેદો સહેજ વધારે પ્રમાણમાં ગુંદર નાખી તૈયાર કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પંચપાટ**—જે પુસ્તકના મધ્યમાં મોટા અક્ષરે મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરોથી ઉપર, નીચે તના બંને તરફના માર્જિનમાં ટીકા લખવામાં આવે છે, તે પુસ્તક વચમાં મૂળ, ઉપર નીચે તેમ જ બંને તરફના માર્જિનમાં ટીકા એમ પાંચ વિભાગે લખાતું હોવાથી **પંચપાટ** કહેવાય છે.

**સૂઢ**—જે પુસ્તક હાથીની સૂંઢની પેઠે સળંગ—કોઈ પણ પ્રકારના વિભાગ સિવાય—લખાયેલું હોય તે **સૂઢ** કહેવાય.

ત્રિપાટ–પંચપાટ પુસ્તક તે જ લખાય કે જે સટીક ગ્રંથ હોય. આપણાં પુરાતન પુસ્તકો સૂઢ જ લખાતાં. ત્રિપાટ–પંચપાટ પુસ્તક લખવાનો રિવાજ વિક્રમની પંદરમી શતાબ્દીમાં આરંભાયો હોવો જોઈએ, એમ વિદ્યમાન પુસ્તકભંડારો જોતાં કહી શકાય.

**લહીઆઓનો કેટલાક અક્ષરો પ્રત્યે અણગમો**—લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો "સ્વરો, ક—ખ—ગ—ડ—ચ—છ—જ—ઞ—ઠ—ઢ—ણ—થ—દ—ધ—ન—ફ—ભ—મ—ય—ર—ષ—સ—હ—ક્ષ—જ્ઞ" અક્ષરો ઉપર અટકાતા નથી, કારણ કે તેઓ આ પ્રમાણે માને છે—"ક કટ જાવે, ખ ખા જાવે, ગ ગરમ હોવે, ચ ચલ જાવે, છ છટક જાવે, જ જોખમ દીખાવે, ઠ ઠામ ન બેસે, ઢ ઢળી પડે, ણ હાણ કરે, થ થીરતા કરે, દ દામ ન દેખે, ધ ધન છાંડે, ન નઠારો, ફ ફટકારે, ભ ભમાવે, મ માઠો, ય ફેર ન લીખે, ર રોવે, ષ ખાંચાળો, સ સંદેહ ધરે, હ હીણો, ક્ષ ક્ષય કરે, જ્ઞ જ્ઞાન નહિ." અર્થાત્ "ઘ—ઝ—ટ—ડ—ત—પ—બ—લ—વ—શ" અક્ષરો ઉપર અટકે છે, કેમ કે—"ઘ ઘસડી લાવે, ઝ ઝટ કરે, ટ ટકાવી રાખે, ડ ડગે નહિ, ત તરત લાવે, પ પરમેશરરો, બ બળિયો, લ લાવે, વ વાવે, શ શાન્તિ કરે." એમ તેઓ માને છે.

મારવાડના લેખકો મુખ્યતયા 'વ' ઉપર વધારે આધાર રાખે છે. એટલે કે લખતાં લખતાં કોઈ પણ કામ માટે ઊઠવું હોય કે લખવાનું બંધ કરવું હોય તો 'વ' આવતાં ઊઠે. અથવા કોઈ કાગળમાં 'વ' લખીને ઊઠે.

**તાડપત્રના અંકો**[૧૨]—ભિન્ન ભિન્ન દેશીય તાડપત્રનાં પુસ્તકો, શિલાલેખો આદિમાં આવતા અંકોની સંપૂર્ણ માહિતી, તેની આકૃતિઓ આદિ **भारतीय प्राचीन लिपिमाला**માં આપેલી છે. એટલે તેનો સંપૂર્ણ પરિચય મેળવવા ઇચ્છનાર વાચકોને તે પુસ્તક જોવા માટે ખાસ ભલામણ છે. આ સ્થળે માત્ર તેનો સામાન્ય પરિચય આપવાની ખાતર જેસલમેર, પાટણ, ખંભાત, ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ, પૂના આદિમાં વિદ્યમાન તાડપત્રીય પુસ્તકોમાં આવતા કેટલાએક અંકોની નોંધ કરું છું[૧૩]—

---

૧૨. તાડપત્રના અંકો એટલે તાડપત્રીય પુસ્તકનાં પાનાંની ગણતરી માટે કરેલા અંકો જાણવા; જેમકે પહેલું પાનું, બીજું પાનું, પાંચમું, દસમું, પચાસમું, સોમું ઇત્યાદિ.

૧૩. 'પુરાતત્ત્વ'માં આપવામાં આવેલ અંકોના બદલે અહીં પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજના 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માં છપાયેલ 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' લેખ સાથે આપવામાં અંકો (એ અંકોના બે બ્લોકો) આ ગ્રંથમાં છાપ્યા છે.

—સંપાદકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## એકમ અંકો

१ = १, ॐ, ह्र, श्री, श्री
२ = २, न, स्ति, स्ति, श्री, श्री
३ = ३, मः, श्री, श्री, श्री.
४ = क, क्क, ष्क, ष्का, र्ष्क, र्ष्का, ष्क, ष्का, ष्क, ष्का, ष्क.
५ = ट, र्ट, ट, र्ट, ट, र्ट, ट, र्ट, न, ना, ना, र्ना, ना, र्ना.
६ = फ, र्फ, फा, र्फा, स्फ, र्स्फ, स्फा, र्स्फा, फु, र्फु, फु, र्फु, फ्र.
७ = ग्र, र्ग्र, ग्रा, र्ग्रा.
८ = ह्र, र्ह्र, ह्रा, र्ह्रा, ह्र.
९ = ॐ, ॐ, ॐ.

## દશક અંકો

१ = लृ, र्लृ.
२ = घ, घा.
३ = ल, ला.
४ = प्त, र्प्त, प्ता, र्प्ता.
५ = C, ϭ, ϭ, ɛ, ϑ.
६ = घु, र्घु.
७ = घू, र्घू, घु, र्घु.
८ = ७, ७.
९ = ८, ८, ८, ८.
० = ०.

## શતક અંકો

१ = सु, र्सु.
२ = सू, स्त, स्त.
३ = स्ता, स्ता, स्ता.
४ = ास्ता, ास्ता, ास्ता.
५ = ास्तो, ास्तो, ास्तो.
६ = स्तं, स्तं, स्तं.
७ = स्तः, स्तः, स्तः.

જેમ આપણા ચાલુ અંકો એક લાઈનમાં લખવામાં આવે છે, તેમ **તાડપત્ર**ના સાંકેતિક અંકો એક લાઈનમાં નથી લખાતા, પણ ઉપર--નીચે લખવામાં આવે છે; જેમ કે—

| | | |
|---|---|---|
| ૧૪૪: | सु | ૧ |
| | र्प्ता | ૪ |
| | र्पक | ૪ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકમ, દશક, સો અંકોમાં ૧, ૨, ૩, એમ પૃથક્ પૃથક્ આપવાનું કારણ એટલું જ છે કે— એક, બે, ત્રણ આદિ એકમ સંખ્યા લખવી હોય તો એકમ અંકોમાં આપેલા એક, બે, ત્રણ આદિ લખવા. દસ, વીસ, ત્રીસ, આદિ દશક સંખ્યામાં એક, બે, ત્રણ એમ નવ સુધી લખવા હોય તો દશક અંકોમાં બતાવેલા એક, બે, ત્રણ લખવા. અને સો, બસો, ત્રણસો આદિ સો (શતક) સંખ્યામાં એક, બે, ત્રણ, આદિ લખવા હોય તો શતક અંકોમાં લખેલા એક, બે, ત્રણ આદિ લખવા. એકમ, દશકમાં શૂન્ય આવે તો ત્યાં શૂન્ય જ લખાય છે.

દશક સંખ્યા પછી આવતી એકમ સંખ્યા અને સો–શતક સંખ્યા પછી આવતી દશક તથા એકમ સંખ્યામાં એક, બે, ત્રણ લખવા હોય તો એકમ દશક અંકોમાંથી લખવા, જેમ કે—

र्लृ/० १०, र्लृ/१ ११, र्लृ/२ १२, र्लृ/३ १३, र्लृ/एर्क १४, र्लृ/र्लृ १५, र्लृ/र्फ्रु १६, र्लृ/र्ग्रा १७, र्लृ/र्ह्रा १८, र्लृ/र्उ १९;

थ/० २०, थ/१ २१, थ/एर्क २४, था/र्ग्रा २६, थ/र्ह्रा २८; ला/० ३०, ला/३ ३३, ला/फ्र ३६, ला/ग्रा ३७, ला/उ ३९;

प्त/० ४०, प्ता/र्क ४४, प्त/र्लृ ४५, प्त/र्ह्रा ४८; 6/० ५०, 6/एर्का ५४, 6/फ्र ५६, 6/उ ५९; र्थु/० ६०, र्थु/र्ग्रा ६७;

र्थृ/० ७०, र्थृ/२ ७२, र्थृ/र्लृ ७५, र्थृ/ग्र ७७; ⌒/० ८०, ⌒/ह ८८; ॐ/० ९०, ॐ/ग्ज ९७, ॐ/उ ९९;

सु　　सु　　सुं　　सू　　स्त　　स्त　　स्ता　　स्ता
०१००, ' प्त१४५, र्थृ १७४; ०२००, थ२२७, र्थु२६६; ०३००, प्त ३४७;
०　　र्लृ　　एर्का　　०　　ग्र　　र्ग्रा　　०　　ग्जा

ास्ता　　स्तो　　ास्ता　　स्तो　　ास्तो　　ास्तो　　ास्तो　　स्तं
० ४००, र्लृ ४१५, थृ ४७४; ० ५००, ० ५०९, ला ५३६, ⌒ ५८०; ० ६००,
०　　र्लृ　　एर्क　　०　　उ　　फ्र　　०　　०

स्तं　　स्तं　　स्तं　　स्तः　　स्तः　　स्तः　　स्तः　　स्तः
ल ६३७, प्त ६४७, र्थु ६६५; ० ७००, थ ७२२, प्त ७४३, थृ ७७७, ॐ ७९४.
ग्रा　　ग्र　　र्लृ　　०　　२　　३　　ग्रा　　र्क

અત્યારે જે તાડપત્રીય પુસ્તક-ભંડારો વિદ્યમાન છે તેમાં, મારા ધ્યાનમાં છે ત્યાં સુધી, છસો પાનાંની અંદરનાં જ પુસ્તકો છે, તેથી વધારે પાનાંનું પુસ્તક એક પણ નથી. ઘણાંખરાં પુસ્તકો ત્રણસો પાનાં સુધીનાં અને કેટલાંએક તેથી વધારેનાં મળી શકે છે. કિન્તુ પાંચસોથી વધારે પાનાંનું પુસ્તક માત્ર પાટણના સંઘવીના પાડાના તાડપત્રીય પુસ્તક-સંગ્રહમાં એક જ જોયું છે; તે પણ ત્રુટિત તેમ જ અસ્તવ્યસ્ત થઈ ગયેલું છે. છસોથી વધારે પાનાંના તાડપત્ર પુસ્તકને સુરક્ષિત રાખવું ઘણું મુસીબતભર્યું થાય એ સ્વાભાવિક છે, એટલે તેથી વધારે પાનાનું તાડપત્રીય પુસ્તક નહિ લખાતું હોય એમ અનુમાન કરી શકાય છે. તથાપિ ચારસો વર્ષ જેટલા એક પુરાતન પત્રમાં તાડપત્રીય અંકોની નોંધ મળી છે. તેમાં સાતસો પાનાં સુધીના અંકોની નોંધ કરેલી છે. એટલે તે નોંધ કરનારે તેટલાં પાનાંનું અગર તેથી વિશેષાધિક પાનાંનું પુસ્તક જોયું હોય એમ માનવાને કારણ છે.

**પુસ્તકરક્ષણ**—હસ્તલિખિત પુસ્તકોની શાહીમાં ગુંદર આવતો હોવાથી વર્ષાઋતુમાં તે ચોંટી જવાનો ભય રહે છે, માટે તે ઋતુમાં પુસ્તકોને હવા ન લાગે તેમ સુરક્ષિત રાખવાં જોઈએ. આ જ

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

કારણથી હસ્તલિખિત પુસ્તકોને સારી રીતે મજબૂત બાંધી કાગળના, ચામડાના કે લાકડાના ડાબડામાં મૂકી કબાટમાં કે મજૂસ (મંજૂષા)માં સુરક્ષિત રીતે રાખવામાં આવે છે. તેમ જ ખાસ પ્રયોજન સિવાય વર્ષાઋતુમાં વરસાદ ન વરસતો હોય ત્યારે પણ લિખિત પુસ્તકભંડારોને ઉઘાડવામાં આવતા નથી. જે પુસ્તક બહાર રાખેલું હોય, તેના ખાસ ઉપયોગી ભાગ સિવાય બાકીનાને પેક કરી સુરક્ષિતપણે રાખવામાં આવે છે. કોઈ પુસ્તકની શાહીમાં ગુંદરનો ભાગ પ્રમાણ કરતાં વધારે પડેલો હોઈ તેને બહાર કાઢતાં ચોંટવાનો ભય લાગતો હોય તો તેનાં પાનાંઓ ઉપર ગુલાલ છાંટી દેવો—ભભરાવવો, એટલે ચોંટી જવાનો ભય અલ્પ થઈ જશે.

**ચોંટેલું પુસ્તક**—વર્ષાઋતુમાં અગર કોઈ પણ કારણસર પુસ્તકને હવા લાગતાં તે ચોંટી ગયું હોય તો તે પુસ્તકને પાણિયારાની કોરી જગ્યામાં હવા લાગે તેવી રીતે અથવા પાણી ભર્યા બાદ ખાલી કરેલ હવાવાળી માટલી કે ઘડામાં મૂકવું. પછી તેને હવા લાગતાં તે પુસ્તકના એક એક પાનાને ફૂંક મારી ધીરે ધીરે ઉખાડતા જવું. જો વધારે ચોંટી ગયું હોય તો તેને વધારે વાર હવામાં રાખવું, પણ ઉખાડવા માટે ઉતાવળ ન કરવી. આ ઉપાય કાગળના પુસ્તક માટે સમજવો.

જો તાડપત્રનું પુસ્તક ચોંટી ગયું હોય તો કપડાને પાણીમાં ભીંજવી તેને પુસ્તકની આસપાસ લપેટવું. જેમ જેમ પાનાં હવાવાળાં થતાં જાય, તેમ તેમ ઉખાડતાં રહેવું. તાડપત્રના પુસ્તકની શાહી પાકી હોવાથી તેની આસપાસ ભીંજાવેલું કપડું લપેટતાં તેના અક્ષરો ખરાબ થવાનો ભય રહેતો નથી. તાડપત્રનાં પાનાં ઉખાડતી વખતે તેનાં પડો ઊખડી ન જાય તે માટે નિપુણતા રાખવી.

પુસ્તકનું શેમાં શેમાંથી રક્ષણ કરવું એને માટે કેટલાક લહિયા પુસ્તકના અંતમાં ભિન્ન ભિન્ન શ્લોકો લખે છે. તે કાંઈક અશુદ્ધ હોવા છતાં ખાસ ઉપયોગી છે, માટે તેનો ઉતારો આ સ્થાને કરું છું—

जले रक्षेत् स्थले रक्षेत्, रक्षेत् शिथिलबन्धनात् ।
मूर्खहस्ते न दातव्या, एवं वदति पुस्तिका ॥ १ ॥
अग्ने रक्षेज्जलाद् रक्षेत्, मूषकाच्च विशेषतः ।
कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परिपालयेत् ॥ १ ॥
उदकानिलचौरेभ्यो, भूषकेभ्यो हुताशनात् ।
कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परियालयेत् ॥ १ ॥
भग्नपृष्ठिकटिग्रीवा, वक्रदृष्टिरधोमुखम् ।
कष्टेन लिखितं शास्त्रं, यत्नेन परिपालयेत् ॥ १ ॥

આ સિવાય કેટલાક લેખકો પોતાની નિર્દોષતા જાહેર કરવા માટે પણ કેટલાક શ્લોકો લખે છે—

अदृष्टदोषान्मतिविभ्रमाद्वा, यदर्थहिनं लिखितं मयाऽत्र ।
तन्मार्जयित्वा परिशोधनीयं, कोपं न कुर्यात् खलु लेखकस्य ॥ १ ॥
यादृशं पुस्तकं दृष्टं, तादृशं लिखितं मया ।
यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते ॥ १ ॥

**જ્ઞાનપંચમી**—શ્વેતાંબર જૈનો કાર્તિક શુકલ પંચમીને જ્ઞાનપંચમી એ નામથી ઓળખાવે છે. આ તિથિનું માહાત્મ્ય દરેક શુકલ પંચમી કરતાં વિશેષ મનાય છે. તેનું કારણ એટલું જ કે વર્ષાઋતુને લીધે પુસ્તક-ભંડારોમાં પેસી ગયેલી હવા પુસ્તકોને બાધકર્તા ન થાય માટે તે પુસ્તકોને તાપ ખવડાવવો જોઈએ, જેથી તેમાંનો ભેજ દૂર થતાં પુસ્તક પોતાના રૂપમાં કાયમ રહે. તેમ જ વર્ષા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋતુમાં પુસ્તક-ભંડારને બંધબારણે રાખેલા હોઈ ઉધેઈ આદિ લાગવાનો સંભવ હોય તે પણ ધૂળ-કચરો આદિ દૂર થતાં દૂર થાય. આ મહાન કાર્ય સદાને માટે એક જ વ્યક્તિને કરવું અગવડભર્યું જ થાય. માટે કુશળ જૈનાચાર્યોએ દરેક વ્યક્તિને જ્ઞાનભક્તિનું રહસ્ય અને તે દ્વારા થતા ફાયદાઓ સમજાવી તે તરફ આકર્ષવા પ્રયત્ન કર્યો. તે દિવસને માટે લોકો પણ પોતાના ગૃહવ્યાપારને છોડી દઈ યથાશક્ય આહારાદિકનો નિયમ કરી પૌષધવ્રત સ્વીકારી પુસ્તકરક્ષાના મહાન પુણ્ય કાર્યમાં ભાગીદાર થાય છે. વર્ષાને લીધે તેમાં પેસી ગયેલા ભેજને દૂર કરવા માટે સહુથી સરસ, અનુકૂળ અને વહેલામાં વહેલો સમય કાર્તિક માસ જ છે. તેમાં શરદઋતુની પ્રૌઢાવસ્થા, સૂર્યનાં પ્રખર કિરણો તેમ જ વર્ષાઋતુની ભેજવાળી હવાનો અભાવ હોય છે.

જે ઉદ્દેશથી ઉક્ત તિથિનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું હતું તે અત્યારે લગભગ ભુલાઈ ગયો છે. એટલે કે પુસ્તક-ભંડારોની તપાસ કરવી, ત્યાંનો કચરો સાફ કરવો આદિ લુપ્ત જ થયું છે. માત્ર તેના સ્થાનમાં આજકાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તિવાળાં ઘણાંખરાં ગામોમાં "સાપ ગયા અને લીસોટા રહ્યા" એ કહેવત પ્રમાણે કેટલાંક પુસ્તકોની આડંબરથી સ્થાપના કરી તેની પૂજા, સત્કાર આદિ કરવાનો રિવાજ ચાલુ છે.

મુંબઈની કચ્છી જૈન દશા ઓસવાળની ધર્મશાળામાં હજુ પણ પુસ્તકોની પ્રતિલેખના, તપાસ, સ્થાપના આદિ વિશેષ વિધિસર કરવામાં આવે છે, જેથી અન્ય ગામો કરતાં ઉક્ત તિથિનો ઉદ્દેશ કેટલેક અંશે ત્યાં જળવાતો જોવાય છે. અસ્તુ. અત્યારે ચહાય તેમ થતું હો, તથાપિ એટલું તો કહી શકાય કે સાહિત્યરક્ષા માટે જૈનાચાર્યોએ જે યુક્તિ યોજી છે તે ઘણી જ કુનેહભરી છે.

દિગંબર જૈનો જ્યેષ્ઠ શુક્લ પંચમીને જ્ઞાનપંચમી કહે છે એમ મારા સાંભળવામાં છે. જો તે વાત સાચી જ હોય તો એટલું કહી શકીએ કે પુસ્તક-રક્ષાની દૃષ્ટિએ કાર્તિક શુક્લ પંચમી વધારે યોગ્ય છે.

**ઉપસંહાર**—મુદ્રણયુગમાં લિખિત સાહિત્યને ઉકેલનારાઓનો તેમ જ તે પ્રત્યે આદરથી જોનારાઓનો દુષ્કાળ ન પડે તે માટે આપણા ગૂજરાત વિદ્યાપીઠ અને ગૂજરાત પુરાતત્ત્વ મંદિરના નિપુણ સંચાલકો યોગ્ય વ્યક્તિઓને આ દિશામાં પણ પ્રેરે એમ ઇચ્છી હું મારા લેખને સમાપ્ત કરું છું.*

['પુરાતત્ત્વ' ત્રૈમાસિક, આષાઢ, સં. ૧૯૭૯]

* પ્રસ્તુત લેખની સામગ્રી તેમ જ તેને અંગે કેટલીક સમજ હું મારા વૃદ્ધ ગુરુ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ તેમ જ ગુરુજી શ્રી ચતુરવિજયજી મહારાજ દ્વારા મેળવી શક્યો છું, તે બદલ તેમનો ઉપકાર માનું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org